|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશિયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● શ્રાવણ વદ-૮ ● તા.૧૯-૦૮-૨૨ ● શુક્રવાર ● SDP No.: 848 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નાસિક, ''નાસરડી વિભાગ'' ઉમિયા સોશિયલ એક્ટિવીટી USA ગ્રુપ દ્વારા ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવેલ અવિષ્મરણીય ''૫ખમાં અમૃત મહોત્સવ''

સ્વતંત્ર દિવસ ને આઝાદીકા અમૃત મહોત્સવ દ્વારા આપણા માનનીય ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ જે હર ઘર તિરંગા અભિયાન દ્વારા ભારત ભરમાં જે એકતા નો પરિચય કરાવ્યો તે ખરેખર દરેક ભારતીયો માટે ગૌરવ લેવા જેવો છે. " લહેરાતા રહે તિરંગા હંમેશા બની રહે દેશ કી શાન અખંડ રહે ભારત સદા સ્વતંત્ર રહે સંવિધાન

આઝાદી ના અમૃત મહોત્સવ અને ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે સવારે ૮:૪૫

વાગ્યે સ્વાતંત્ર્યતા દિવસ ની ઉજવણી પાટીદાર ભવન નાસરડી ખાતે કરવામાં આવી તેમાં સમાજ ના વડીલશ્રી નાસિક જીલ્લા સમૂહ લગ્ન સમિતી ના પ્રમુખશ્રી કેશવલાલભાઈ છાભૈયા, આમંત્રીત મહેમાનો માં નગર સેવિકા

અર્ચનાતાઈ થોરાત, ઉમિયા સોશિયલ એક્ટિવિટી ગ્રુપ ના પૂર્વ પ્રમુખ તુલસીભાઇ રવાણી અને જયંતભાઈ દિવાણી, મધ્ય મહારાષ્ટ્ર રીજીયન ના પૂર્વ પ્રમુખ અને કેન્દ્રિય સમાજ ની ટીમ પ્રચાર પ્રસાર સમિતિ ના રમેશભાઈ વાસાણી અને ઉમિયા સોશિયલ એક્ટિવિટી ગ્રુપ ના પ્રમુખશ્રી નિતીનભાઇ દિવાણી ના વરદ હસ્તે રાષ્ટ્ર ધ્વજ લહેરવામાં આવેલ અને રાષ્ટ્રધ્વજ ને સલામી આપી રાષ્ટ્રગીત ગાવામાં આવેલ ત્યાર બાદ વડીલશ્રી કેશુભાપા અને નગરસેવિકા અર્ચનાતાઈ થોરાત દ્વારા સ્વતંત્રતા દિવસની શુભેચ્છા આપી પ્રાસંગીક પ્રવચન કરેલ તેમજ આ કાર્યક્રમમાં નાસરડી વિભાગ ના વડિલો, માતાઓ, બહેનો, યુવાનો, તેમજ બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ ને સફળ બનાવેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના ફરમાન મુજબ "૭૫ ઘર તિરંગા" કેમપેનને સાર્થક કરવા નાસિક સમાજ' નાસરડી વિભાગ USA ગ્રુપ દ્વારા વિના મુલ્યે ચુલા ઢીલ ૧૭૫ રાષ્ટ્રીય ધ્વજ ઉપલબ્ધ કરી દેવામાં આવેલ.

4 દિવસીય 'USA ખેલ મહોત્સવ' (તા. 12-13-14 અને 15 ઓગસ્ટ 2022) ને સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ.



જેમાં કેરમ, ચેસ, લુડો, કોન રેસ, સ્કેટિંગ, રોપ સ્કિપિંગ, લેમન એન્ડ સ્પૂન, સાઈકલ મેરેથોન, સ્લો સાયકલિંગ, ટગ ઓફ વોર જેવી રમતોનો સમાવેશ કરવામાં આવેલ. જેને 202 પાર્ટીસિપેન્ટ્સ દ્વારા 5 કેટેગરી માં વહેંચી સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ.

75માં અમૃત મહોત્સવ નિમિત્તે તા. 15 ઓગસ્ટ ના રોજે નાશિક સમાજ "નાસરડી વિભાગ" ના ભાઈઓ તથા બહેનો દ્વારા રક્તદાન કરવામાં આવેલ તેમાં 77 બ્લડ યુનિટસ અને "નાશિક રોડ વિભાગ"દ્વારા 35 બ્લડ યુનિટસ્ ટોટલ 112 બ્લડ યુનિટસ્ કલેક્ટ

કરી "બ્લ્ડ રક્તદાન શિબિર" નું આયોજન સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ

'75માં અમૃત મહોત્સવ' નિમિત્તે

'75' લોકોની "સાઈકલ રેલી" કાઢવામાં આવેલ. જેમાં સૌ સભ્યોને સાફા પહેરાવી, સભ્યો દ્વારા વિવિધ 'ભારતીય સંસ્કૃતિની વેશભુષા' ધારણ કરવામાં આવેલ અને 'સ્વતંત્રતા સેનાની' બની આપણી ભારતીય એકતાને દર્શાવનાર્મી આવેલ.

"ધ્વજ વંદન" ના કાર્યક્રમ બાદ '900' કુડગાંઓને આકાશમાં આઝાદ કરી અમૃત મહોત્સવ ને અવિષ્મરણીય રીતે ઉજવવામાં આવેલ.

75માં અમૃત મહોત્સવ નિમિત્તે બહેનો દ્વારા 12'x8' ની વિશાળ રંગોળી બનાવવામાં આવેલ.

'75માં અમૃત મહોત્સવ' નિમિત્તે તા 15 ઓગસ્ટના રોજે નાશિક સમાજ નાસરડી વિભાગ 'USA ગ્રુપ ની પુરી ટીમ ની ખૂબ જ દિલજાન મહેનત અને રાજેશભાઈ દિવાણી ની લીડરશીપ માં 'ધ્વજ વંદનનો' કાર્યક્રમ ખુબજ ઉત્સાહેર, સુંદર અને સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ.

આ '75માં અમૃત મહોત્સવ' ની નોંધ 'લોકલ ન્યુઝ ચેનલ' દ્વારા પણ લેવામાં આવેલ.સંપૂર્ણ કાર્યક્રમ નું સંચાલન અને

અહેવાલ ઉમિયા સોશિયલ એક્ટિવિટી ગ્રુપ ના



મહામંત્રીશ્રી જીગ્નેશ પોકાર અને મંત્રીશ્રી સાગર ભાવાણી દ્વારા કરવામાં આવેલ.

"ભારત માતાકી જય" "વંદે માતરમ"

શ્રી આનંદસર (વિથોણ) સનાતન સમાજ કારોબારી (૨૦૨૨)

પ્રમુખ-
લધારામભાઈ અબજીભાઈ લીંબાણી

ઉપપ્રમુખ -
ભીમજીભાઈ જીવરાજભાઈ ભગત (પણસોરા)

ઉપપ્રમુખ-
રમેસભાઈ ખીમજીભાઈ ભગત(પણસોરા)

મહામંત્રી-
રજેશભાઈ લખમસીભાઈ લીંબાણી

મંત્રી- તુલસીદાસ ગોપાલભાઈ ભગત (ગોતા અમદાવાદ)

સહમંત્રી
રવિલાલ રામજીભાઈ ભગત (હરદા)

ખજાનચી-
શંકરલાલ દેવજીભાઈ ભગત

સહ ખજાનચી -
રતીલાલભાઈ કેસરાભાઈ ભગત

ઓડિટર -
હસમુખભાઈ શામજીભાઈ ભગત

ઓડિટર -
અરવિંદભાઈ લાલજીભાઈ લીંબાણી (બિલાસપુર)

કારોબારી સભ્યો-
૧) કિર્તીભાઇ ખેતાભાઈ ભગત(નાગપુર)
૨) નાનજીભાઈ બબજીભાઈ લીંબાણી
૩) ધનસુખભાઇ લધાભાઇ ભગત(કોલ્હાપુર)
૪) જગદીશભાઈ રામજીભાઈ ભગત
૫) ચંદુભાઈ વાલજીભાઈ લીંબાણી
૬) વાલજીભાઈ પ્રેમજીભાઈ ભગત
૭) જેન્તીભાઇ મનજીભાઈ લીંબાણી
૮) ધીરજભાઈ કરશનભાઇ ભગત

પાટીદાર ની નજરે સાતમ-આઠમ

નવી પેઢી માટે ભલે ને આ તહેવાર એટલે જન્માષ્ટમી રહે, પરંતુ ઘોળા વાળ સાથે જીવતા લોકો માટે, આ તહેવાર એટલે "સાતમ-આઠમ". મૂળ આ તહેવાર એટલે "ધર્મ" અને "કર્મ" ના સ્વરૂપ "યુગાવતાર" યશોદાનંદન "શ્રી કૃષ્ણ" ભગવાનની જન્મ જયંતિ મનાવવાનો તહેવાર છે.

પરંતુ, "પાટીદાર" કુળ અને મૂળ માં જન્મેલા લોકો માટે સાતમ આઠમ, પોતાની આયુ ની સાથે સતત બદલતો રહે છે. જેમકે પાટીદાર પુરૂષો માટે, સાતમ આઠમ, એ "બાવન પત્તા" ની "ચોલી" માં રાજ કરે છે. જ્યારે ઘરની "સ્ત્રીઓ" માટે આ તહેવાર એટલે ઘર માં રમતા નાના લાલા માટે, "લૌ" ની સાથે "પ્રેમ", "સમજણ", "અનુભવ" અને "શ્રિક્ષા" ને લોટ માં ભેળવી "લાડવા" તૈમજ, "કેપલા", "પાપડ" અને "નિમકી" બનાવવાનો તહેવાર મનાય છે.

આખું વર્ષ ગામ નાં ચોરે બેસી "કાન્હા" ની વાતો વાગોળતા મોટી ઉમરના "ભાભા" ઓ માટે આ તહેવાર એટલે સમાજ ના યોકમાં "લોલની દાંડી" સાથે રમવાની લલચામણ ગણાય છે. જ્યારે ગામ ની "રોશી" ઓ માટે કાના ને પોતાના "ભજન" માં પરોવી ને "ગાવાનો" તૈમજ "લાડ લડાવવાનો" તહેવાર ગણાય છે.

આ તહેવાર ને તાજા ફૂટેલા મૂછ નાં દોરા વાળા "જુવાનિયાઓ", સમાજ ના ચોક માં લેવાતી "રાસ" માં પોતાના અવલવા લટકા કરવાનો તહેવાર માને છે. જ્યારે નવી પરણેલી નવોઢા માટે "ગોચણીઓ" બની, પોતાના "પિયર" માં પરત જઈ, પોત પોતાના પતિની ખામીઓ અને ખૂબીઓને બહેનપણી સાથે "આપ-લે" કરવાનો તહેવાર બનાવે છે.

અંતે સર્વાનુમતે, "પૂર્ણ આશક્તિ" અને "પૂર્ણ અનાશક્તિ", "રશેશ્વર" અને "ચોરશેશ્વર", ભગવાન "શ્રી કૃષ્ણ" નાં જીવન માં કરી "ડોકિયું" કરી અને અવનવું શીખવાનો અનેરો તહેવાર એટલે "સાતમ આઠમ" છે.

અંકિત સુરાણી (પ્રેમ)
પરદેશી પારેવડું 90350 26810

વૈદિક ડાયાણી, કપડવંજ નું રાજકીય ગૌરવ કાજે અભિનંદન

કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી , સાંસદ ખેડા શ્રી દેવુસીંહ ચૌહાણ જી ના માર્ગદર્શન થી ભાજપ પરિવાર ના યુવા સાથી કપડવંજ તાલુકા ભાજપ સંગઠન યુવા મોરચા ઉપપ્રમુખ વૈદિક હિતેન્દ્ર ડાયાણી ગામ : શંકરપૂરાલાટ ઉમર : 22 અભ્યાસ : Bca વ્યવસાય: સિમેન્ટ અને પેસ્ટીસાઈડ ટ્રક્શન જેમ ભારત સરકારના "કેલિફોન સલાહકાર સમિતિ" (ખેડા) ના સભ્ય તરીકે પસંદ થવા બદલ ખુબ ખુબ અભિનંદન..!!

જમ્મુ-કાશ્મીરમાં રહેતા બિનકાશ્મીરી લોકો પણ હવે મતદાન કરી શકશે

નવી દિલ્હી,તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજવાની સંભાવના છે. તેની પહેલાં ચૂંટણી પંચે મોટી જાહેરાત કરી છે. જમ્મુ કાશ્મીરના મુખ્ય ચૂંટણી કમિશનર હર્દેશ કુમારે કહ્યું કે જે બિન કાશ્મીરી લોકો રાજ્યમાં વસવાટ કરે છે. તે પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવીને મતદાન કરી શકે છે. તેના માટે તેમને સ્થાનિક રહેઠાણ પ્રમાણપત્રની જરૂર નથી. એટલું જ નહીં તેમણે કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા માટે તહેનાત સુરક્ષા દળના જવાનો પણ પોતાનું નામ મતદાર યાદીમાં સામેલ કરાવી શકે છે. હર્દેશ કુમારે જણાવ્યું કે જમ્મુ કાશ્મીરમાં આ વખતે લગભગ ૨૫ લાખ નવા મતદારોનું નામ મતદાર યાદીમાં સામેલ થવાની આશા છે. તેમણે જણાવ્યું કે ૧૫ સપ્ટેમ્બરથી મતદાર યાદીમાં નામ સામેલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તે ૨૫ ઓક્ટોબર સુધી ચાલશે. જોકે ૧૦ નવેમ્બર સુધી દાવા અને આપત્તિઓનો ઉકેલ કરવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં ૧૮ વર્ષથી વધારે ઉમરના લગભગ ૯૯ લાખ લોકો છે. જ્યારે અંતિમ મતદાર યાદી પ્રમાણે મતદાન કરનારા મતદારોની સંખ્યા ૭૬ લાખ છે.

સૌપ્રથમવાર આ પ્રકારે અધિકાર અપાશે : આના કારણે જમ્મુ કાશ્મીરમાં ૨૫ લાખ નવા મતદારોના નામ યાદીમાં સામેલ થવાની શકયતા

અવસાન નોંધ

તા.-18-8-2022
સ્વ.જાનાબેન શિવજી રૂડાણી
ઉમર વર્ષ : ૯૭.
કચ્છ મા ગામ - દેવપર (યક્ષ)
હાલે - દેવગડ (મહારાષ્ટ્ર)

તા.-18-8-2022
સ્વ.શામજીભાઈ ખીમજીભાઈ નાકરાણી
ઉમર વર્ષ : 67.
ગામ - નેત્રા

તા.-19-8-22
સ્વ.મગનલાલ વસ્તાભાઈ પોકાર
ઉમર વર્ષ : ૯૫.
કચ્છ મા ગામ - આણંદપર (યક્ષ) હાલે - કણકવલી (મહારાષ્ટ્ર)

H.K. DOORS

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929

H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧- ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા-દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા-અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૪